# SHREE VASISHTHA VIDHYALAYA




# ફાઈનાન્શિયલ અવેરનેસ

## નાણાકીય જાગૃતતા માટે મક્કમ કદમ ...

## સંપત્તિને સતત વધારવાની શાશ્વત નીતિઓ

### પહેલું સ્ટેપ

**સૌપ્રથમ ધનિક બનવાની ઈચ્છાને તમારી અંદર જાગ્રત કરો.**



હું તમને ધનવાન થવાનું પ્રથમ સ્ટેપ જાણવું છું.

તમારાં પર્સમાં દસ સિક્કામાંથી ફક્ત નવ સિક્કા બહાર કાઢો. જ્યારે તમે તમારી 90 ટકા આવકનો ખર્ચ કરશો, તો ઝડપથી તમારી બચત વધવા લાગશે. બચત વધવાથી તમને ગમશે અને તમને સંતોષ મળશે.

આ સ્ટેપ બહુ સાધારણ લાગે છે, પણ મારી વાતને હળવાશથી લેવાની કે મજાકમાં લેવાની જરૂર નથી. સત્ય હંમેશાં સૂક્ષ્મ હોય છે. હું તમને જણાવીશ કે મેં બચત કેવી રીતે કરી હતી. મેં પણ આ જ રીતે શરૂઆત કરી હતી. શરૂઆતમાં મારી બધી આવક વપરાઈ જતી હતી અને મારી ઇચ્છાઓ પૂરી કરવા માટે મારી પાસે પૈસા રહેતા નહોતા. પણ જ્યારે મેં મારી આવકના 10મા ભાગની બચત કરવાની શરૂઆત કરી, ત્યારે ધીમે ધીમે મારી બચત વધવા લાગી. આ ઉપાય કરવાથી તમારી બચત પણ વધશે.

હવે હું તમને એક વિચિત્ર સત્ય જણાવું છું, જેનું કારણ હું પણ જાણતો નથી. જ્યારે મેં ખર્ચ કરવા ફક્ત 90 ટકા આવકનો વપરાશ કર્યો. ત્યારે પણ મારી જરૂરિયાતો પૂરી થઈ જતી હતી. એટલું જ નહીં થોડાં સમય પછી મારી પાસે પહેલાં કરતાં વધુ સરળતાથી પૈસા આવવા લાગ્યા. લક્ષ્મીનો નિયમ છે કે, જે વ્યક્તિ પોતાની આવકમાંથી એક ચોક્કસ હિસ્સો બચાવીને રાખે છે અને એનો ખર્ચ કરતો નથી, એને વધારે સરળતાપૂર્વક લક્ષ્મી મળે છે. સાથે સાથે એ પણ સત્ય છે કે, પૈસાને વ્યર્થ વેડફતા લોકો પર લક્ષ્મી મહેરબાન થતી નથી.

તમે કઈ ચીજ મેળવવાની સૌથી વધારે ઇચ્છા રાખો છો? તમારાં માટે રોજીંદા જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓ વધારે મહત્ત્વપૂર્ણ છે કે પછી આભૂષણ, વસ્ત્ર, સુશોભનની ચીજવસ્તુઓ, સ્વાદિષ્ટ વ્યંજનો? આ ચીજવસ્તુઓનો ઉપભોગ ઝડપથી થાય છે અને આપણે ભૂલી પણ જઈએ છીએ. શું તમારાં માટે લાંબા ગાળાની ઇચ્છાઓ વધારે મહત્ત્વપૂર્ણ નથી? જેમ કે સંપત્તિ, સોનું, જમીન, પશુઓ, વેપાર, સતત વળતર આપતું રોકાણ.

તમે તમારાં પર્સમાંથી જે સિક્કા કાઢો છો, એમાંથી તમારી તાત્કાલિક ઇચ્છાઓ પૂરી થાય છે. પણ તમે તમારા પર્સમાં જે સિક્કા બચાવો છો, એ તમારી લાંબા ગાળાની ઇચ્છાઓ પૂર્ણ કરે છે.

મારા પ્રિય વિદ્યાર્થીઓ, ધનવાન થવાનું આ પહેલું સ્ટેપ છે, જે મેં શોધ્યું હતું. હું પર્સમાં 10 સિક્કા નાખતો હતો અને એમાંથી ફક્ત નવ સિક્કાનો ખર્ચ કરતો હતો.

### બીજું સ્ટેપ

**ખર્ચને કંટ્રોલમાં રાખો**




હવે હું તમને મનુષ્ય વિશે એક અસાધારણ છતાં વાસ્તવિક સત્ય જણાવીશ. સત્ય આ છેઃ જ્યાં સુધી આપણે આપણા 'આવશ્યક ખર્ચ' ને કંટ્રોલમાં ન રાખીએ, ત્યાં સુધી એ આપણી આવકના પ્રમાણમાં હંમેશાં વધતો રહે છે.

આવશ્યક ખર્ચ અને આપણી ઇચ્છાઓ વચ્ચેના ફરકને નજરઅંદાજ ન કરો. બંને વચ્ચે પાતળી ભેદરેખા છે. જેમ જેમ તમારી આવક વધશે, તેમ તેમ તમારી ઇચ્છાઓ વધશે. તમે ભૂલથી તમારી ઇચ્છાઓને આવશ્યક જરૂરિયાત ગણી લો છો. આ ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે આવક ઓછી પડે છે, એટલે તમારી ઘણી ઇચ્છાઓ અધૂરી રહી જાય છે.

તમારી જીવનશૈલી અને ખર્ચની આદતોનો સારી રીતે વિચાર કરો. તમને ચોક્કસ એવા ખર્ચનો અહેસાસ જરૂર થશે, જે ઓછી કરી શકાય છે. તમારે નક્કી કરવું જોઈએ કે, તમે જે કાંઈ ખર્ચ કરો એનો પૂરો આનંદ મેળવી શકો.

"એટલે તમે જે ચીજવસ્તુઓ પર ખર્ચ કરવા ઇચ્છો છો, એને લખી લો. તમારે એવી ચીજવસ્તુઓની પસંદગી કરવી જોઈએ, જે તમારી આવકના 90 ટકા હિસ્સામાંથી પ્રાપ્ત થાય. બાકી તમામ ચીજવસ્તુઓને દૂર કરો અને એને તમારી અનલિમિટેડ ઇચ્છાઓ માનો. એના પર અફસોસ પણ ન કરો.

પછી તમારાં આવશ્યક ખર્ચનું બજેટ બનાવો. અહીં ધ્યાન એ રાખવાનું છે કે, તમારે તમારી આવકનાં ૧૦માં હિસ્સાની બચત કરવાની છે. એમાંથી એક પૈસાનો પણ તમારે ઉપયોગ કરવાનો નથી. બજેટ બનાવવા સતત મહેનત કરો અને એમાં ફેરફારો કરતાં રહો. તમારે સફળતાપૂર્વક તમારી બચત વધારવા માટે બજેટ બનાવવું એ પહેલું સ્ટેપ છે.”

બજેટનો ઉદ્દેશ તમારી બચત વધારવાનો છે. બજેટ તમારી જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ કરે છે. બજેટથી તમે શરૂઆતમાં સાધારણ ઇચ્છાઓથી લઇને આગળ જતાં તમારી પ્રબળ ઇચ્છાઓ પૂર્ણ કરી શકો છો. તમારું બજેટ તમારાં બિનજરૂરી ખર્ચા પર કાપ મૂકવા માટે દીવાદાંડી સમાન છે. બજેટ તમને સંતોષ પ્રદાન કરે અને આનંદ મળે એવી ચીજવસ્તુઓ પર ખર્ચ કરવાની દિશા આપે છે.

ધનવાન થવાનું આ બીજું સ્ટેપ છે. પોતાના ખર્ચનું બજેટ બનાવો, જેથી તમારી પાસે તમારી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પૂરતી બચત ઊભી થાય અને તમે ૭૦ ટકા આવકમાંથી જ તમારી બાકીની મહત્ત્વપૂર્ણ ઇચ્છાઓ સંતોષવાનો આનંદ મેળવી શકો.

## ત્રીજું સ્ટેપ

### પોતાનાં ધનમાં અનેકગણી વૃદ્ધિ કરો




તમે તમારી આવકનાં ૧૦માં ભાગની બચત કરવાનું શરૂ કરશો. ધીમે ધીમે તમને બચત કરવાની ટેવ પડી જશે. આ રીતે તમારી બચત વધતી જશે. વળી તમે તમારાં બિનજરૂરી ખર્ચ પર કંટ્રોલ મૂકવાનું પણ શરૂ કરી દીધું છે. હવે આપણે એ વાતનો વિચાર કરીશું કે, તમારી બચતમાંથી આવક કેવી રીતે કરવી અને એમાં અનેકગણી વૃદ્ધિ કેવી રીતે કરવી. પોતાની આવકમાંથી બચત કરવી એ ફક્ત શરૂઆત છે. હકીકતમાં તમારી બચતમાંથી જે આવક થશે, એમાંથી જ તમે સમૃદ્ધ કે ધનવાન થશો.

મિત્રો ધનવાન થવા માટે તમારે મહેનત કરવાની બચત કરવાની અને એનું યોગ્ય દિશામાં રોકાણ કરવાની જરૂર છે. તમે યોગ્ય માધ્યમોમાં રોકાણ કરી સમૃદ્ધ થઈ શકો છો. સમૃદ્ધ એટલે ધનનો અવિરત પ્રવાહ જે સતત તમને મળતો રહે છે. અને તમારી સંપત્તિમાં વધારો કરે છે. દરેક મનુષ્ય આવું જ ઇચ્છે છે તમારાં બધાની ઇચ્છા પણ એ જ છે કે, તમે મહેનત કરો કે મોજ મસ્તી કરો, પ્રવાસ કરો - તમારી આવકમાં વધારો થવો જોઇએ.

ધનવાન થવાનું આ ત્રીજું સ્ટેપ છે. તમારી બચતમાંથી પ્રાપ્ત થતા વ્યાજનું રોકાણ કરો. આ રોકાણમાંથી સારું રિટર્ન મેળવો. આ રિટર્નનું પણ રોકાણ કરો. એમાંથી પણ સારું વ્યાજ અને રિટર્ન મેળવો. આ રીતે સુનિશ્ચિત કરો કે તમારાં રોકાણમાંથી આવક પ્રવાહ સતત મળતો રહે અને તમારાં ધનમાં અનેકગણી વૃદ્ધિ થતી રહે.

## ચોથું સ્ટેપ

### પોતાની મૂડી જાળવો



મનુષ્ય એ પોતાની મૂડી અને ધનને દ્રઢતાપૂર્વક જાળવવાં જોઇએ. જો લક્ષ્મીનો દુરુપયોગ કરવામાં આવે, તો એવી વ્યક્તિના હાથમાંથી એ ઝડપથી સરકી જાય છે. મનુષ્યે નાની રકમ સુરક્ષિત રાખવાનું શીખવું પડશે. તો જ લક્ષ્મીને વિશ્વાસ આવે છે કે, આ મનુષ્ય એને સંભાળી શકશે. તમે નાની મૂડીને જાળવશો તો જ મોટા પાયે સંપત્તિનું સર્જન થઇ શકશે.

જેની પાસે ધન હોય છે, એની સામે અનેક પ્રલોભનો ઊભા થાય છે. જેને થોડું ધન મળે છે, એના મનમાં ઝડપથી વધુ ને વધુ ધન મેળવવાની ઇચ્છા જાગે છે. ઘણીવાર એના મિત્રો અને સગાસંબંધીઓ ઝડપથી ધન મળે એવી યોજનાઓમાં રોકાણ કરવા પ્રોત્સાહન આપે છે.

રોકાણનો પહેલો સિદ્ધાંત છે - તમારી મૂડીનું રક્ષણ કરવું. જો મૂડી ડૂબી જવાનું જોખમ હોય, તો વધારે કમાણી કરવાની લાલચ રાખવામાં સહેજ પણ સમજદારી નથી. આ પ્રકારની લાલચ અયોગ્ય છે. જો તમે આવું જોખમ ઉઠાવશો તો તમે મૂડી પણ ગુમાવી દેશો. તમારી મૂડીનું રોકાણ કરતાં પહેલાં તમામ પાસાંઓનો વિચાર કરો. સૌપ્રથમ સુનિશ્ચિત કરો કે, તમારી મૂડી તમને પાછી મળશે. ઝડપથી ધનવાન બનવાની લાલચમાં ખોટી દિશામાં દોટ મૂકવાથી બચો અથવા ટૂંકા માર્ગો અપનાવવાનું ટાળો.

કોઇ વ્યક્તિને કરજ આપતાં અગાઉ એ તમારું કરજ ચૂકવવા સમર્થ છે કે નહીં એની તપાસ કરવી જોઇએ. વળી કરજ ચૂકવવામાં એની ગૂડવિલ કેવી છે એની ચકાસણી પણ કરવી જોઇએ, જેથી અજાણતા તમે તમારી મહેનતની કમાણી ગુમાવી ન દો.

કોઈ પણ ક્ષેત્રમાં રોકાણ કરતાં પહેલાં તમારી મૂડી પરનાં જોખમનો વિચાર કરો.

ધનવાન બનવાનું આ ચોથું સ્ટેપ છે. રોકાણ એવી જગ્યાએ કરો જ્યાં તમારી મૂડી સુરક્ષિત હોય; જ્યારે ઇચ્છો ત્યારે પાછી મેળવી શકો અને જ્યાંથી તમને યોગ્ય વ્યાજ કે રિટર્ન મળતું રહે. બુદ્ધિશાળી અને અનુભવી લોકોની સલાહ લો. મૂડીનું પ્રૉફિટેબલ મૅનેજમૅન્ટ કરતાં લોકોની સલાહ મેળવો. જોખમકારક રોકાણો કરવામાંથી પોતાની મૂડી બચાવવામાં જ સમજદારી છે.

## પાંચમું સ્ટેપ

### પોતાનાં ઘરને પ્રૉફિટેબલ રોકાણનું માધ્યમ બનાવો




મનુષ્ય પોતાની આવકનો 10મો ભાગ બચાવીને રાખે છે, જેથી એ ભવિષ્યમાં જીવનનો આનંદ માણી શકે. જો એ પોતાની આવકના અન્ય નવમાં ભાગમાંથી પણ બચત કરી શકે અને એનું પ્રૉફિટેબલ રોકાણ કરી શકે, તો એની સંપત્તિમાં ઝડપથી વધારો થાય છે.

દરેક વ્યક્તિનું એક સ્વપ્ન હોય છે - મારું પણ એક ઘર હોય! એનાથી વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે અને એને તમામ પ્રયાસોમાં સફળતા મળવાની શક્યતા વધી જાય છે. એટલે મારી સલાહ એવી છે કે – દરેક વ્યક્તિ પાસે પોતાનું ઘરનું ઘર હોવું જોઇએ, જેમાં એ અને એનું કુટુંબ સુખશાંતિપૂર્વક રહી શકે.

પોતાના ઘરનાં માલિક બનવાથી વ્યક્તિને ઘણા લાભ થાય છે. એમાં ખર્ચ ઓછો આવે છે. તમારે નિયમિત ભાડું ચૂકવવાની જરૂર પડતી નથી. ભાડાનો બોજ ઘટે છે અને તમે મકાનના માલિક બનો છો. તમારી પોતાની સંપત્તિ તમને મુશ્કેલીના સમયમાં કામ પણ લાગે છે. એટલે ધનવાન બનવાનું આ પાંચમું સ્ટેપ છેઃ તમારાં ઘરનાં માલિક બનો.

## છઠ્ઠું સ્ટેપ

### ભવિષ્ય માટે આવક સુનિશ્ચિત કરો



દરેક વ્યક્તિ બાળપણથી વૃદ્ધાવસ્થા તરફ પ્રયાણ કરે છે. જીવનની આ નિશ્ચિત દિશા છે અને આ દિશામાં દરેકને ચાલવું પડે છે. ઈશ્વર અકાળે કોઇને પોતાની પાસે બોલાવી લે એ અલગ વાત છે. એટલે હું તમને બધાને કહું છું કે, મનુષ્યે પોતાના ભવિષ્ય કે

વૃદ્ધાવસ્થામાં યોગ્ય અને સતત આવક થાય એવી વ્યવસ્થા કરવી જોઇએ. વળી વ્યક્તિએ એની ગેરહાજરીમાં એના પરિવારની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પૂરતી નાણાકીય જોગવાઇ કરવી જોઇએ. આજે તમને વૃદ્ધાવસ્થામાં પણ તમારી આવક કેવી રીતે જાળવી રાખવી એ વિશે જાણકારી મળશે.

"ધનનાં નિયમો જાણીને જે વ્યક્તિ ધનવાન બને છે, એણે એના ભવિષ્ય વિશે પણ વિચાર કરવો જોઇએ. એણે એવા માધ્યમોમાં રોકાણ કરવું જોઇએ, જે ઘણાં વર્ષો સુધી સતત વધતું રહે અને જરૂરિયાતનાં સમયે કામ પણ આવે.

"ભવિષ્ય માટે ધનને જાળવવા માટે હું તમને ઘર કે જમીન ખરીદવાની સલાહ આપીશ. જો તમે સમજદારી સાથે ઘર કે જમીનની પસંદગી કરો અને ભવિષ્યમાં એની ઉપયોગિતા અને વૅલ્યૂમાં વધારો થયો, તો તમને ચોક્કસ લાભ થશે. ભવિષ્યમાં તમે આ સંપત્તિનું વેચાણ કરીને તમારા goalને પ્રાપ્ત કરી શકો છો.

"આ ઉપરાંત મનુષ્ય નિયમિત રીતે નાણાં ધીરનાર પાસે નાની-નાની રકમ જમા કરીને પોતાના ધનને વધારી શકે છે. નાણાં ધીરનારે વ્યાજને મૂડીમાં ઉમેરવાથી ધનની રકમ ઘણી વધી જશે.

નિયમિત રીતે જમા કરવામાં આવતી નાની રકમ પણ પ્રોફીટેબલ રીઝલ્ટ આપે છે. કોઈપણ વ્યક્તિનો વ્યવસાય કે એનું રોકાણ ગમે તેટલું સમૃદ્ધ કેમ ન હોય એને એની વૃદ્ધાવસ્થા અને પરિવારની આર્થિક સુરક્ષા માટે પૂરતી જોગવાઇ કરવી જોઇએ.

હું તમને બધાને સલાહ આપું છું કે તમારે સારી રીતે સમજી વિચારી તમારી વૃદ્ધાવસ્થા માટે પૂરતી નાણાકીય જોગવાઇ કરવી જોઇએ, કારણ કે વ્યક્તિ કમાણી ન કરી શકે અથવા પરિવારની મુખ્ય વ્યક્તિનું અવસાન થવાથી કુટુંબ પર વીજળી ત્રાટકે છે. આ સમય પૂરતી નાણાકીય જોગવાઇ મરનાર વ્યક્તિના આશ્રિતો માટે વરદાન રૂપ સાબિત થાય છે

એટલે ધનવાન થવાનું છઠ્ઠું સ્ટેપ છે પોતાના વૃદ્ધાવસ્થા અને કુટુંબ માટે અગાઉથી પૂરતી નાણાકીય જોગવાઇ કરવી. આ માટે લાઇફ ઇન્સ્યોરન્સ, મેડિકલ ઇન્સ્યોરન્સ, પીપીએફ, સુકન્યા સમૃદ્ધિ યોજના, નેશનલ પેન્શન સ્કીમ, મ્યુચ્યુઅલ ફંડ વગેરેમાં રોકાણ કરવું જોઇએ.

## સાતમું સ્ટેપ

### પોતાની આવકનો સોર્સ વધારવો



"થોડા સમય પહેલાં એક યુવાન મારી પાસે ઉધાર માંગવા આવ્યો. જ્યારે મેં એને ઉધાર માંગવાનું કારણ પૂછ્યું, ત્યારે એણે મને જણાવ્યું કે એનો ખર્ચ એની આવકથી વધારે છે. એટલે મેં એને કહ્યું કે તને હું નહીં, કોઇ પણ વ્યક્તિ ઉધાર નહીં આપે. જ્યાં સુધી વ્યક્તિ પાસે વધારે પૈસા કમાવવાની, પોતાની આવક વધારવાની શક્તિ ન હોય ત્યાં સુધી એ એનું દેવું ચૂકવી ન શકે.

મેં એને એની આવક વધારવા કહ્યું. મેં પૂછ્યું કે, 'તેં તારી આવક વધારવા શું કર્યું છે?

યુવાને કહ્યું, મારાથી બનતા તમામ પ્રયાસો કર્યા છે. છેલ્લા બે મહિનામાં છ વાર મારા શેઠ પાસે જઇને પગાર વધારવાની રજૂઆત કરી છે. શેઠ પગાર વધારવાનું નામ લેતા નથી. કોઇ પણ વ્યક્તિ કેટલી વાર વિનંતી કરે.

આપણને એના ભોળપણ પર હસવું આવશે, પણ એ યુવાનમાં આવક વધારવા માટે એક આવશ્યક અને મહત્ત્વપૂર્ણ ગુણ હતો. આ ગુણ હતો - વધારે આવક કરવાની પ્રબળ ઇચ્છા - જે યોગ્ય અને પ્રશંસનીય છે. એને વધારે કમાણી કરવી હતી, પણ દિશા નહોતી.

આપણે જેટલી વધારે જાણકારી મેળવીશું, એટલી વધારે કમાણી કરી શકીશું. જે વ્યક્તિ પોતાની કળામાં, કુશળતામાં વધારે નિપૂણતા પ્રાપ્ત કરે છે એને સારો અને યોગ્ય પુરસ્કાર મળે છે. જો એ કારીગર હોય, તો એ પોતાના વ્યવસાયમાં સૌથી વધુ કુશળ વ્યક્તિ પાસેથી શીખી શકે છે. જો વ્યક્તિ કાયદા કે તબીબી ક્ષેત્રમાં મહેનત કરતી હોય, તો એ પોતાના વ્યવસાયના અન્ય લોકો સાથે ચર્ચાવિચારણા કરી શકે છે કે પછી એમની સલાહ મેળવી શકે છે. જો વ્યક્તિ વેપારી હોય, તો સતત સારી અને વાજબી ચીજવસ્તુઓ ખરીદીને પોતાના કસ્ટમર્સ સુધી પહોંચાડી શકે છે.

મનુષ્ય અને સમાજની સ્થિતિ હંમેશાં બદલાતી રહે છે અને સ્ટેપ બાય સ્ટેપ સુધરતી રહે છે. બુદ્ધિશાળી લોકો નવી કુશળતાઓ શીખતા રહે છે, જેથી તેઓ વધારે સારી રીતે સેવા આપી શકે અને એમની આવકમાં વધારો થતો રહે. એટલે હું તમને બધાને આગ્રહપૂર્વક વિનંતી કરું છું કે, તેઓ પ્રગતિની પહેલી હરોળમાં ઊભા રહે અને ત્યાં અટકી ન જાય, કારણ કે અટકી જવાથી તેઓ પાછળ પડી જશે.

ઘણીબધી ચીજવસ્તુઓ મનુષ્યના જીવનને અનુભવોથી સમૃદ્ધ કરે છે. જો કોઇ વ્યક્તિમાં આત્મસન્માન હોય, તો એને નીચે જણાવેલાં કામ કરવાં જોઇએઃ

- એણે પોતાનું દેવું ઝડપથી પૂરું કરવું જોઇએ અને પોતે જેનો ઉપયોગ ન કરી શકે એવી ચીજવસ્તુઓની ખરીદી ન કરવી જોઇએ."
- એણે પોતાના પરિવારનું સારી રીતે પાલનપોષણ કરવું જોઇએ, જેથી પરિવારજનો એના વિશે સારાં વિચારો ધરાવે અને સારી વાતો કહે."
- એણે પોતાનું વસિયતનામું (will) તૈયાર કરવું જોઇએ, જેથી જ્યારે ઇશ્વર એને તેડું મોકલે, ત્યારે એની સંપત્તિનું વિભાજન યોગ્ય, ન્યાયી અને ગૌરવપૂર્ણ થઇ શકે."
- એણે કમનસીબીનો ભોગ બનેલા લોકો પર દયા દાખવવી જોઇએ અને એમની મદદ કરવી જોઇએ. એણે પોતાના પ્રિયજનો સાથે સમજી વિચારીને વ્યવહાર કરવો જોઇએ.

આ રીતે ધનવાન થવાનું સાતમું સ્ટેપ આ છેઃ પોતાની શક્તિ વિકસાવવી, વધારે બુદ્ધિશાળી અને યોગ્ય બનવા માટે અભ્યાસ કરવો, આત્મસન્માન સાથે કામ કરવું.' પછી તમારી અંદર એવો આત્મવિશ્વાસ જાગશે કે તમે સાવધાની સાથે વિચારેલી ઇચ્છાઓ પૂર્ણ કરી શકો છો.

**પુસ્તક : બેબીલોનનો રીચેસ્ટ મેન**
**લેખક : જ્યોર્જ એસ. ક્લેસન** (ગુજરાતી પ્રકાશન : આર. આર. શેઠ)



# ૫ વ્યકિતગત નાણાકીય નિયમો

## 72 નો નિયમ

તમારાં પૈસાને બમણા કરવા માટે જરૂરી વર્ષોની સંખ્યા જાણવા માટે આ નિયમ ઉપયોગી છે. આ માટે 72 ને તમને મળતાં વ્યાજદર વડે ભાગાકાર કરો એટલે જે સંખ્યા મળે તે તમારાં પૈસાને બમણા થવા માટે લાગતા વર્ષની સંખ્યા બનાવે છે.

ઉદાહરણ તરીકે :

જો તમે જાણવા માંગતા હો કે પૈસા ને 8% વ્યાજે બમણા કરવામાં કેટલો સમય લાગશે, તો 72 ને 8 વડે ભાગો

72 / 8 = 9 વર્ષ

જે બતાવે છે કે 8 % ટકા વ્યાજે તમારાં પૈસાને બમણા થતાં 9 વર્ષ લાગશે.

તેવી જ રીતે 6 % વ્યાજે કેટલા વર્ષ લાગે તે જાણવા માટે

72 / 6 = 12 વર્ષ લાગશે.

આમ, 7% વ્યાજે બમણા થતા 10 વર્ષ લાગશે અને 9 % વ્યાજે બમણાં થતાં 8 વર્ષ લાગશે .

## 70 નો નિયમ

જો તમે પૈસા ફક્ત તમારી પાસે જ રાખો છો અને તેનું કોઇ વ્યાજ તમને મળતું નથી તો સમય જતાં મોંઘવારી દરને કારણે તમારી પાસે રહેલા પૈસાનું મૂલ્ય કેટલી ઝડપથી ઘટશે તે જાણવા માટે આ નિયમ ઉપયોગી છે.

આ નિયમમાં 70 ને વર્તમાન ફુગાવા દર (મોંઘવારી દર) વડે ભાગાકાર કરવામાં આવે છે.

જો ફુગાવાનો (મોંઘવારીનો) દર 7% માનીએ તો

70 / 7 = 10 વર્ષ

જે બતાવે છે કે તમારી પાસે ના પૈસા નું મૂલ્ય 10 વર્ષમાં ઘટીને અડધું થઇ જશે.

## (100 - તમારી ઉંમર) નો નિયમ

આ નિયમ તમે જે બચત કરો છો એનું રોકાણ કરવા ઇચ્છતા હોય ત્યારે કેટલી રકમ કઇ એસેટમાં ફાળવવી જોઇએ તે નક્કી કરવા ઉપયોગી છે. મોટાભાગે લોકો એસેટ એલોકેશન જાણવા માટે આ નિયમનો ઉપયોગ કરે છે. તમારે કેટલી રકમ ઇક્વિટીમાં (શેર માર્કેટમાં) ફાળવવી જોઇએ અને કેટલી રકમ સરકારી બોન્ડ કે ફિક્સ ડિપોઝીટમાં ફાળવી જોઇએ તે જાણવા માટે તમારી ઉંમરને 100 માંથી બાદ કરો.

ધારો કે તમારી ઉંમર ૩૦ વર્ષ છે

તો 100 - 30 = 70

જેથી 70% રકમ ઇક્વિટી શેર કે મ્યુચ્યુઅલ ફંડ માટે ફાળવવી

30% રકમ સરકારી બોન્ડ કે એફ ડી વગેરેમાં ફાળવવી

પરંતુ જો તમારે ઉંમર 60 વર્ષ છે.

તો 100 - 60 = 40

40% રકમ ઈક્વિટી અને 60% રકમ ફિક્સ ડિપોઝિટમાં ફાળવવી.

## 50 - 30 - 20 નો નિયમ

તમારે તમારી આવકમાંથી કેટલી રકમ બચત (રોકાણ) માટે અને કેટલીક રકમ વિવિધ ખર્ચ માટે વાપરવી જોઇએ તેનો નિયમ.

તમારી આવકને ત્રણ ભાગમાં વિભાજિત કરો.

50% રકમ જરૂરિયાતો (ઘર ખર્ચ, ભાડું, હપ્તા વગેરે)

30% રકમ ઇચ્છાઓ (મનોરંજન, રજાઓ વગેરે )

20% રકમ બચત (ઈક્વિટી, મ્યુચ્યુઅલ ફંડ, એફડી, બોન્ડ, ગવર્મેન્ટ સ્કીમ વગેરે)

તમારી આવકનો ઓછામાં ઓછો 20% ભાગ બચત કરવાનો પ્રયત્ન કરો. તમે ચોક્કસ એનાથી વધુ બચાવી શકો છો. બચત કર્યા પછી બાકીની રકમ ઘર ખર્ચ, હપ્તા, બિલ વ્યાજની ચુકવણી કરવાનું આયોજન કરો.

## લાઈફ ઈન્સ્યોરન્સ નિયમ

ઘણી વાર તમને પ્રશ્ન થતો હોય છે કે મારે કેટલી રકમનો વીમો લેવો જોઇએ ? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આ નિયમ ઉપયોગી છે.

સામાન્ય રીતે તમારી વાર્ષિક આવકના 20 ગણા વિમાની રકમ રાખવી જોઇએ.

20 x વાર્ષિક આવક

એટલે કે, જો તમારી આવક 5 લાખ રૂપિયા હોય તો આ નિયમ પ્રમાણે તમારી પાસે 1કરોડનો વીમો (ટર્મ પ્લાન) હોવો જોઇએ.

મોટેભાગે ઘરમાં જે કમાનાર વ્યક્તિ હોય તેમનો વીમો સૌપ્રથમ લેવો જોઇએ. ઉપરાંત અત્યારના સમય પ્રમાણે સંપૂર્ણ ફેમિલીનો મેડીક્લેમ વીમો પણ લેવો ખૂબ જરૂરી છે.

નાણાકીય જાગૃતતા માટે આવા અન્ય નિયમો પણ ઉપલબ્ધ હોય છે. આપ આપની વ્યક્તિગત જરૂરિયાતને ધ્યાનમાં રાખી અહીં જણાવેલ અથવા અન્ય નિયમોનો ઉપયોગ કરી આપનું જીવન નાણાકીય રીતે સમૃદ્ધ કરો તેવી શુભેચ્છા...




**VASISHTHA GROUP OF SCHOOL**

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
VISIT US : vasishtha.net

**વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.**
ગુજરાતી માધ્યમ
૧ થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
Visit us : vasishthagenesisschool.net